ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આર્થિક રીતે પાયમાલ પેટલાદ એપીએમસીની ચૂંટણીમાં ગરમાવો | વેપારી વિભાગની ૨ બેઠકો ખાલી રહેવાના એંધાણ

પેટલાદ એપીએમસી ચૂંટણીમાં ૧૬ બેઠક માટે ૨૧ ફોર્મ ભરાયા રસાકસીના એંધાણ

ઉમેદવારી પ્રક્રિયાના પ્રથમ જ દિવસે સત્તા કબ્જે કરવા ખેંચતાણ જોવા મળી

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૬

પેટલાદમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીની ચુંટણી પ્રક્રિયા આજથી શરૂ થયેલ છે. છેલ્લા પાંચેક વર્ષથી આર્થિક રીતે કંગાળ થઈ ગયેલ આ એપીએમસીની ચુંટણી કુલ 16 બેઠકો માટે યોજાઈ રહી છે. જે પૈકી ખેડૂત વિભાગની 10 બેઠકો માટે 17 ઉમેદવારી પત્રો ભરાયા છે. જ્યારે વેપારી વિભાગની 4 બેઠકો માટે 2 ફોર્મ ભરાતા 2 બેઠકો અત્યારથી જ ખાલી રહેવાની શક્યતા જોવાઈ રહી છે. ઉપરાંત ખરીદ - વેચાણ વિભાગની 2 બેઠકો માટે 2 ઉમેદવારોએ ઝંપલાવ્યું હોવાથી આ બંન્ને બિનહરીફ વિજેતા થવાના એંધાણ સેવાઈ રહ્યા છે. નોંધપાત્ર બાબત એ છે કે પેટલાદની આ કંગાળ સહકારી સંસ્થામાં ગત ચુંટણી મુજબ આ વખતે પણ સોજીત્રા વિધાનસભા મત વિસ્તારનો દબદબો યથાવત રહે તો નવાઈ નહીં !

પેટલાદ એપીએમસી છેલ્લા પચાસેક વર્ષથી કાર્યરત છે. આ બજાર સમિતીને મુખ્યત્વે શાકમાર્કેટ, લાયસન્સ ફી, શેષ ફી, ભાડાં વગેરેની આવક હતી. પરંતુ છેલ્લા પાંચેક વર્ષ દરમ્યાન કેન્દ્ર સરકારની નીતિઓમાં ફેરફાર થવાથી એપીએમસીની આવક એકદમ તળીયે બેસી ગઈ હતી. જેને કારણે પગાર સહિત રૂટીન ખર્ચાને પહોંચી વળવું પણ મુશ્કેલ બની ગયું છે. વર્ષોથી ધમધમતી પેટલાદ એપીએમસીમાં પૂર્વ સહકાર મંત્રી સી ડી પટેલનો એક સમયે દબદબો જોવા મળતો હતો. પરંતુ મળતી માહિતી મુજબ એપીએમસીની લગભગ 16 વિઘા જમીન પોતાના પુત્રની ભાગીદારી પેઢીને આપી દેવાનો મામલો સામે આવ્યો હતો.

આ વિવાદીત જમીનનો મામલો કોર્ટમાં ચાલી રહ્યો છે. જેને કારણે એપીએમસીની સત્તા પૂર્વ સહકાર મંત્રીના હાથમાંથી સરકી ગઈ હતી. સમય જતાં સી ડી પટેલ જુથના કેટલાય સભ્યો તેજસ પટેલ જુથમાં ભળી ગયા હતા. જે પૈકી હાલ સત્તા ભોગવી રહ્યા છે. જો કે હાલ પેટલાદ એપીએમસીની આર્થિક સ્થિતી ડામાડોળ છે. આવી કંગાળ સંસ્થાની ચુંટણીમાં પણ આજરોજ ઉમેદવારોનો ધસારો જોવા મળ્યો હતો. આ ચુંટણી 16 બેઠકો માટે યોજાઈ રહી છે, જેમાં માત્ર છ કલાક દરમ્યાન 21 ઉમેદવારી પત્રો ભરાયા હતા. આ બજાર સમિતીના મતદારોની મળતી આંકડાકીય માહિતી મુજબ ખેડૂત વિભાગની 10 બેઠકો માટે 110 મતદારો છે. જ્યારે વેપારી વિભાગની 4 બેઠકો માટે 57 મતદારો છે. સહકારી ખરીદ વેચાણ વિભાગમાં માત્ર બે જ મતદારો છે, જેઓએ ઉમેદવારી નોંધાવી છે.

સોજીત્રા વિધાનસભા મત વિસ્તારનો દબદબો

પેટલાદ એપીએમસીની પાંચ વર્ષ અગાઉ યોજાયેલ ચુંટણીમાં સોજીત્રા વિધાનસભા મત વિસ્તારનો દબદબો જોવા મળ્યો હતો. જે તાજેતરની ચુંટણીમાં પણ સંભવતઃ જોવા મળી રહ્યો છે. આજરોજ ખેડૂત વિભાગની 10 બેઠકો માટે 17 ઉમેદવારી પત્રો ભરાયા છે. જે પૈકી 12 ફોર્મ સોજીત્રા વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ ગામોના ઉમેદવારો છે. ઉપરાંત વેપારી વિભાગના 2 તથા ખરીદ વેચાણ વિભાગના 2 મળી કુલ 4 માંથી માત્ર 1 ઉમેદવાર પેટલાદ (શહેર) વિધાનસભા મત ક્ષેત્રના છે. એટલે કે ત્રણેય વિભાગના ભરાયેલ કુલ 21 પૈકી 15 ફોર્મ તો સોજીત્રા વિધાનસભા મત વિસ્તારના જ હોવાનું જાણવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત ચુંટણીમાં સત્તા સ્થાને 16 પૈકી 9 સભ્યો સોજીત્રા વિધાનસભા મત વિસ્તારના હતા.

ડમી કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગતથી બિલ પાસ

રૂદન ગામમાં વિકાસ કામોમાં લાખોના ભ્રષ્ટાચારનો આક્ષેપ

સ્થળ તપાસ કર્યા વિના જ ઇજનેર અને ઓડિટ વિભાગે કાગળ પર બિલ ચૂકવી દીધાનો આક્ષેપ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૬

મહેમદાબાદ તાલુકા પંચાયત હસ્તકના રૂદન ગામમાં થયેલા ૧૫થી વધુ વિકાસના કામોમાં મોટો ભ્રષ્ટાચાર આચરાયો હોવાની વિગતો સામે આવી છે. ડમી કોન્ટ્રાક્ટર દ્વારા કરાયેલા નબળા અને ગુણવત્તાવિહીન કામોના લાખો રૂપિયાના બિલ પંચાયતના અધિકારીઓની મિલીભગતથી પાસ કરી દેવાતા ભારે ખળભળાટ મચ્યો છે.

રૂદન ગામમાં વિકાસના વિવિધ કામો સરકારી ચોપડે અન્ય કોન્ટ્રાક્ટરના નામે મંજૂર થયા હતા, પરંતુ ખરેખર ગ્રાઉન્ડ લેવલ પર મહેશ પટેલ નામના વ્યક્તિએ કામગીરી કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ ડમી કોન્ટ્રાક્ટર દ્વારા કરાયેલા કામોમાં ગુણવત્તાનો સદંતર અભાવ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હોવા છતાં સરકારી નાણાં ચૂકવી દેવામાં આવ્યા છે.

આ પ્રકરણમાં તાલુકા પંચાયતના નવા નિયુક્ત ઈજનેર, તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા પંચાયત પ્રમુખની સીધી સંડોવણી હોવાની આશંકા સેવાઈ રહી છે. નિયમ અનુસાર બિલ પાસ કરતા પહેલા સંબંધીત ઈજનેરે સ્થળ પર જઈને કામની ગુણવત્તા અને માપણી ચકાસવાની હોય છે, પરંતુ અહીં માત્ર કાગળ પર પ્રક્રિયા પૂરી કરીને બિલ ચૂકવી દેવાયા છે. આ ઉપરાંત, જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન પેટા વિભાગ તેમજ આંતરિક ઓડિટ વિભાગના અધિકારીઓ દ્વારા પણ મોટી ટકાવારી (કમિશન) લઈને બિલ પાસ કરાયા હોવાના આક્ષેપો થયા છે.

લેખિત ફરિયાદ મળશે તો આગળ જણાવી શકાશે

મહેમદાબાદના તાલુકા વિકાસ અધિકારી પંકજભાઈ મહીડાએ જણાવ્યું હતું કે, તેમને આવી કોઈ લેખિત ફરિયાદ મળી નથી. રૂદન મોટું ગામ હોવાથી કયા વિસ્તારમાં અને શેના કામમાં પ્રશ્ન છે ? તે ધ્યાનમાં આવે તો જ આગળ કહી શકાય. ગ્રામ પંચાયત હસ્તક થતા વિકાસ કાર્યો માટે એજન્સી ગ્રામ પંચાયત નક્કી કરતી હોય છે અને તેમાં તાલુકા પંચાયતને કોઈ જાણકારી હોતી નથી.

બોરસદના બંધ મકાનમાંથી પોણા લાખની મતા ચોરાઈ

નિવૃત્ત શિક્ષિકા ભાઈબીજના દિવસે પિયર ગયાં હતાં

(પ્રતિનિધિ) બોરસદ તા. ૧૬

બોરસદ શહેરના સિંગલાવ રોડ પર આવેલી સૂર્યનારાયણ સોસાયટીમાં નિવૃત્ત શિક્ષિકાના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી, પાછળની બારીના સળિયા કાપીને સોના-ચાંદીના દાગીના અને ૩૦,૦૦૦ રોકડા મળી કુલ ૭૫,૨૫૦ની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા છે.

બોરસદની સૂર્યનારાયણ સોસાયટીના મકાન નંબર ૪૧માં રહેતાં ૬૪ વર્ષીય નિવૃત્ત શિક્ષિકા મધુબેન મહેન્દ્રસિંહ પરમાર ૧૨મી નવેમ્બર, ૨૦૨૬ના રોજ ભાઈબીજના દિવસે પતિ સાથે પિયર વેડજ ખાતે ગયાં હતાં. તે દરમિયાન ૧૫મી નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે સવા નવ વાગ્યે પાડોશી મગનભાઈ રાઠોડે ઘરની પાછળની બારી ખુલ્લી અને સળિયા કપાયેલા જોઈ મધુબેનના વડોદરા રહેતા પુત્ર સુનીલદત્તને ફોન કરી ચોરી અંગે જાણ કરી હતી.

આ ઘટનાની જાણ થતાં જ દંપતી તુરંત બોરસદ ખાતે દોડી આવ્યું હતું. ઘરમાં તપાસ કરતાં પાછળના રૂમની લાકડાની બારીના ત્રણ સળિયા કપાયેલા હતા અને બે તિજોરીઓ ખુલ્લી હાલતમાં સામાન વેરવિખેર પડ્યો હતો. તસ્કરો તિજોરીના લોકરમાંથી ૪ સોનાની બંગડી, પાંદડીવાળી કડી જોડ, બુટ્ટી જોડ, ચાંદીના ૨૦ સિક્કા તેમજ ૩૦ હજારની રોકડ ચોરી ગયા હોવાનું જણાયું હતું. પરદેશ/પ્રવાસે ગયેલા પુત્ર સુનીલદત્ત પરત ફરતાં મધુબેને બોરસદ શહેર પોલીસે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધ્યો હતો.

ડાકોર રણછોડરાયજી મંદિરમાં વિવાદિત વીઆઈપી કલ્ચરનો આખરે અંત

ડાકોરમાં ભક્તોના આક્રોશના પગલે રેસ્ટરૂમનું કામ અટકાવવામાં આવ્યું

ટ્રસ્ટી ગિરીશ દાણીનો ઘેરાવ કર્યા બાદ ટેમ્પલ કમિટીએ બાંધકામ રોકવાનો આદેશ આપ્યો

(પ્રતિનિધિ) ડાકોર તા.૧૬

યાત્રાધામ ડાકોરમાં સામાન્ય ભક્તોની સુવિધા છીનવીને લાખો રૂપિયાના ખર્ચે વીઆઈપી સુવિધાઓ ઊભી કરવાના મંદિર મેનેજમેન્ટના નિર્ણય સામે વૈષ્ણવો અને સેવકોના ભારે આક્રોશને કારણે આખરે તંત્રએ નમતું જોખવું પડ્યું છે. ભક્તોની એકતા આગળ મેનેજમેન્ટે વિવાદિત વીઆઈપી રેસ્ટરૂમનું કામ તાત્કાલિક અસરથી સ્થગિત



કરવાનો નિર્ણય લીધો છે અને તે સ્થળે સામાન્ય શ્રદ્ધાળુઓ માટેની બેઠક વ્યવસ્થા પૂર્વવત્ કરવાની તૈયારીઓ હાથ ધરી છે.

ડાકોર મંદિરમાં અગાઉ ઘંટીઘર વાળી જગ્યાએથી ઘંટીઘર ગૌશાળામાં ખસેડીને ભક્તો માટે બેઠક વ્યવસ્થા ઊભી કરાઈ હતી. પરંતુ તાજેતરમાં મંદિરના મુખ્ય દ્વાર નજીક સામાન્ય ભક્તોની બેઠક જગ્યા દૂર કરી એસી રૂમ અને ટોયલેટ-બાથરૂમ ધરાવતો વીઆઈપી રેસ્ટરૂમ બનાવવાનો મનસ્વી નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત વીઆઈપી દર્શન માટે કીર્તનિયા જાળીનો કઠેરો કાપવાનું શરૂ કરાતાં સેવકો અને વૈષ્ણવોમાં ભારે રોષ ફેલાયો હતો.

આ મનસ્વી નીતિઓ સામે સેવકો અને શ્રદ્ધાળુઓએ ભેગા મળીને મંદિરના ટ્રસ્ટી ગિરીશ દાણીનો ઘેરાવ કરી ઉગ્ર હોબાળો મચાવ્યો હતો. વિરોધની ગંભીરતા જોઈ ડાકોર ટેમ્પલ કમિટીએ તાત્કાલિક બેઠક બોલાવી વીઆઈપી હોલનું બાંધકામ અટકાવી દેવાનો આદેશ આપ્યો હતો. નવો નિર્ણય લેવાયો છે કે વીઆઈપી રેસ્ટરૂમનું તમામ બાંધકામ હટાવી ત્યાં અગાઉની જેમ જ સામાન્ય ભક્તો, ધાત્રી માતાઓ અને વૃદ્ધો માટે બેઠક વ્યવસ્થા ફરી શરૂ કરાશે.

અલબત્ત, આ વિવાદ વચ્ચે ડાકોરમાં મોરારી બાપુએ કોઈ પણ વીઆઈપી સુવિધા વિના સામાન્ય ભક્તની જેમ લાઈનમાં રહીને ભગવાન રાજા રણછોડરાયના દર્શન કર્યાં હતાં.

આણંદ પાસે ૩.૧૪ લાખનો દારૂ ભરેલો ટેમ્પો પકડાયો

આણંદ લોકલ કાઇમ બ્રાંચે ૩. ૬.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે, રાસનોલ (ગબાપુરા) ખાતે રહેતો અર્જુન રાવજીભાઇ પરમાર પોતાના સાગરીતો સાથે મળી બહારથી વિદેશી દારૂનો જથ્થો મંગાવે છે અને ગોપાલપુરા રોડ પર પીકઅપ ડાલામાં દારૂ આવવાનો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી શંકાસ્પદ બોલેરો પીકઅપ ડાલાને અટકાવ્યું હતું. વાહનની તલાશી લેતાં પ્લાસ્ટિકની પારદર્શક કોથળીઓમાં કોબીજ ભરેલી મળી આવી હતી. કોબીજની થેલીઓ ખસેડીને કાળા રંગની તાડપત્રી હટાવતાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી, વાહનના ડ્રાઈવર સત્યનારાયણ રામચંદ્ર મંગનીરામજી શર્મા (રહે. ગોરખીયા, માંડલ, ભીલવાડા, રાજસ્થાન)ની સ્થળ પરથી અટકાયત કરવામાં આવી હતી. પોલીસે મોબાઈલ અને બોલેરો ડાલું મળી કુલ રૂ. ૬,૨૯,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે શાકભાજી (કોબીજ) બગડી જાય તેમ હોવાથી સ્થળ પર જ તેનો નાશ કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછ દરમિયાન પકડાયેલા ડ્રાઈવરે કબૂલાત કરી હતી કે, આ દારૂનો જથ્થો વાપી નજીક હાઈવે પરથી સચીન ઉર્ફે રાજુ નામના શખ્સે ભરી આપ્યો હતો અને આણંદના અર્જુન પરમારે મંગાવ્યો હતો. એલસીબીએ પકડાયેલા ડ્રાઈવર તેમજ ફરાર શખ્સો વિરુદ્ધ વાસદ પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો.

વિદ્યાનગરમાં એન્જિનિયર યુવકને સહકર્મીએ ચપ્પાનો ઘા ઝીંકી દીધો

જાતિવાચક ગાળો આપી ઝપાઝપી કર્યા બાદ ચપ્પુ મારી દીધું

(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

વલ્લભ વિદ્યાનગરના જીઆઈડીસી સ્થિત ખાનગી કંપનીમાં પ્રોજેક્ટ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા ૨૪ વર્ષીય યુવક પર તેના જ સહકર્મીએ જાતિવાચક અપશબ્દો બોલી, ધારદાર ચપ્પા વડે જીવલેણ હુમલો કરી હત્યાનો પ્રયાસ કરતાં ભારે ચકચાર મચી ગઈ છે. આ બનાવ અંગે વિદ્યાનગર પોલીસે હુમલાખોર સહકર્મી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નડીયાદ તાલુકાના નરસંડા ગામના અને હાલ વડોદરા ખાતે રહેતા પાર્થકુમાર ઈશ્વરભાઈ પરમાર (ઉ.વ. ૨૪) જુલાઈ ૨૦૨૪થી વિદ્યાનગરની આઈ.ડી.એમ.સી. કંપનીના ફૂડ એન્ડ ફાર્મા વિભાગમાં પ્રોજેક્ટ એન્જિનિયર તરીકે નોકરી કરે છે. તેમની સાથે નોકરી કરતા સહકર્મી જ્ઞાનરંજન શાહુ સાથે અગાઉ ચાર-પાંચ વખત બોલાચાલી થઈ ચૂકી હતી, જે અંગે કંપનીના મેનેજર તથા એચઆર હેડને અગાઉથી ઈમેલ તથા મૌખિક જાણ કરવામાં આવી હતી.

દરમિયાન ૧૪મી નવેમ્બર ૨૦૨૬ના રોજ સવારે આશરે દસથી સાડા દશ વાગ્યાના સુમારે પાર્થકુમાર કંપનીના વોશરૂમમાં હાથ ધોઈ રહ્યા હતા, ત્યારે આરોપી જ્ઞાનરંજન શાહુ ત્યાં આવી પહોંચ્યો હતો. તેણે જાતિવાચક અપમાનજનક શબ્દો ઉચ્ચારી ઉશ્કેરાઈ જઈ ગાળો આપી મુક્કો મારી ઝપાઝપી કરી બુશર્ટનું ખિસ્સું ફાડી નાખ્યું હતું. બાદમાં આરોપીએ પેન્ટના ખિસ્સામાંથી ધારદાર ચપ્પુ કાઢી પાર્થકુમારના જમણા હાથના ભાગે જીવલેણ ઘા ઝીંકી દીધો હતો.

આ હુમલામાં લોહીલુહાણ થયેલા એન્જિનિયરે ૧૧૨ નંબર પર ફોન કર્યો હતો. હાજર અન્ય કર્મચારી ચિરાગ ચાવડાએ તેમને તાત્કાલિક કંપનીની ગાડીમાં આણંદ જનરલ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા, જ્યાં ડોક્ટરોએ ટાંકા લઈ તેમની સારવાર કરી હતી. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ પીડિત યુવકે વિદ્યાનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી જ્ઞાનરંજન શાહુ સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.

વિરસદના યુવાને GPSCની પરીક્ષામાં છઠ્ઠો ક્રમ મેળવ્યો

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના આઇસીટી ઓફિસર, વર્ગ-2ના પદ માટે સફળ

(પ્રતિનિધિ) બોરસદ તા ૧૬

બોરસદ તાલુકાના વિરસદ ગામના યુવાન રોનક હેમંતકુમાર પટેલે ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્કૃષ્ટ સફળતા મેળવી સમગ્ર પંથકનું ગૌરવ વધાર્યું છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ગાંધીનગરના આઇ.સી.ટી. ઓફિસર, વર્ગ-2ના પદ માટે જાહેર થયેલા આખરી પરિણામમાં રોનક પટેલે સમગ્ર રાજ્યમાં છઠ્ઠો ક્રમ પ્રાપ્ત કરી સરકારી સેવામાં સ્થાન મેળવ્યું છે.

રોનક પટેલના પિતા



હેમંતભાઈ કા. પટેલ સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. શિક્ષણ સાથે જોડાયેલા પરિવારમાંથી આવતા રોનકે પોતાની પ્રતિભા અને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવી પરિવારની સાથે વતન વિરસદનું નામ પણ રોશન કર્યું છે.

એક પ્રતિષ્ઠિત સરકારી પદ માટે રાજ્યકક્ષાએ છઠ્ઠો ક્રમ પ્રાપ્ત કરવો એ તેમની ક્ષમતા અને શૈક્ષણિક સિદ્ધિનું પ્રતીક છે.

દહેવાણમાં જમીન વિવાદમાં યુવક પર જીવલેણ હુમલો

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૬

બોરસદ તાલુકાના દહેવાણ ગામે જમીન અને અવર-જવરના રસ્તા બાબતે બનેલી મારામારીની ઘટનામાં એક યુવક પર પડોશી બે ભાઈઓએ લાકડી વડે જીવલેણ હુમલો કર્યો છે. આ બનાવ અંગે વિરસદ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દહેવાણ ગામના ઝાંકરીયાપુરા રોડ પર અનાજની ઘંટી ચલાવતા દીલીપસિંહ જીલુભાઈ પરમારે (ઉ.વ. ૩૬) પોતાનું ખેતર ખેડવા માટે મોહનસિંહ પરમારને મોકલ્યા હતા. ખેતર ખેડીને પાછા ફરતી વખતે રસ્તામાં પડોશી એવા રમેશ અમરસિંહ પરમાર અને તેના ભાઈ ઘનશ્યામ દ્વારા રસ્તા પર થાંભલો લગાવી દેવામાં આવ્યો હતો. આ બાબતની જાણ થતાં દીલીપસિંહ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને રસ્તો રોકવા અંગે પૂછપરછ કરી હતી. આ સામાન્ય બોલાચાલી બાદ બંને ભાઈઓએ ઉશ્કેરાઈને દીલીપસિંહ સાથે ગાળાગાળી અને ઝપાઝપી શરૂ કરી દીધી હતી. ઉગ્ર બોલાચાલી દરમિયાન રમેશ પરમારે ઉશ્કેરાઈને દીલીપસિંહના માથામાં લાકડી મારી દેતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થઈ લોહીલુહાણ થઈ ગયા હતા.

આ હુમલો કર્યા બાદ બંને ભાઈઓ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. આ બનાવને પગલે આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત દીલીપસિંહને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે વિરસદ પોલીસે બંને ભાઈઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

'ટીબી મુક્ત ભારત એપ' વડે દર્દીઓ ને તંત્ર એક મંચ પર જોડાયા

ઈ-સંગીની 'ખુશી', 1800116666 હેલ્પલાઇન અને 'નિ-ક્ષય મિત્ર' પોષણ સહાય સુવિધા આંગળીના ટેરવે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા દેશને ક્ષય (ટીબી) મુક્ત બનાવવાના સંકલ્પને સાકાર કરવાના ભાગરૂપે 'ટીબી મુક્ત ભારત એપ' લોન્ચ કરવામાં આવી છે. આ આધુનિક ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ટીબીના દર્દીઓ, નિ-ક્ષય મિત્રો, સ્વયંસેવકો, આરોગ્ય કર્મચારીઓ અને જિલ્લા વહીવટીતંત્રને એક જ ડિજિટલ છત્ર હેઠળ લાવીને સીધો સંવાદ સ્થાપિત કરવામાં આવ્યો છે.

એપ્લિકેશનમાં દર્દીઓની સુવિધા માટે 'ખુશી - આપકી ઈ-સંગીની' નામનું વિશેષ ડિજિટલ સહાયક મોડ્યુલ તથા ત્વરિત તબીબી સલાહ માટે ટોલ-ફ્રી નંબર 1800116666 સીધો જોડવામાં આવ્યો છે. ટીબીની સારવારમાં દવાઓની સાથે પોષણયુક્ત આહાર અને માનસિક હુંફ પૂરી પાડવા માટે સામાજિક સંસ્થાઓ અને દાતાઓ 'નિ-ક્ષય મિત્ર' બનીને દર્દીઓને પોષણ સહાય અને નૈતિક ટેકો આપી શકે છે. આરોગ્ય કર્મચારીઓ અને જિલ્લા વહીવટીતંત્ર માટે આ એપ મોનિટરિંગ તથા ડેટા મેનેજમેન્ટનું અસરકારક માધ્યમ બની રહી છે, જેથી દર્દીઓની તપાસ અને સારવાર ઝડપી બનશે.

આણંદ જિલ્લામાં કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા ટી.બી. ઓફિસર ડો. દીપક પરમાર તથા



આરોગ્ય ટીમ દ્વારા આ એપના માધ્યમથી ટીબી નાબૂદી માટે અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લાના નાગરિકોને સ્માર્ટફોનમાં આ એપ ડાઉનલોડ કરી સ્વયંસેવક કે નિ-ક્ષય મિત્ર તરીકે જોડાઈ ટીબી મુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવા અપીલ કરાઈ છે.

